# અરવલ્લી જીલ્લાની શાળાઓ બાળકોના કિલ્લોલથી ગુંજી ઉઠી


(તસવીર : સમીર બલોચ, જય અમીન મોડાસા)





અરવલ્લી જીલ્લામાં કાળઝાળ ગરમી સાથેના ૩૫ દિવસના લાબા ઉનાળુ વેકેશનનો અંત આવ્યો છે. આજે તા. ૮ સોમવારના રોજથી અરવલ્લી જીલ્લાની તમામ શાળાઓમાં નવા શૈક્ષણીક સત્રનો પ્રારંભ થઈ ચુકયો છે. સોમવાર સવારથી આંગણવાડી કેન્દ્રો, બાલમંદિરો, શાળા-મહાશાળાઓમાં નવા શૈક્ષણિક સ્તરનો પ્રારંભ થયો છે ત્યારે ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવેલા છાત્રોમાં ભણતરને લઈને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જ્યારે ગઈ કાલે શાળાઓ શરૂ થવાની પુર્વ સંધ્યાએ સ્ટેશનરીની દુકાનોમાં બાળકો અને વાલીઓની ભીડ જોવા મળી હતી. શાળાઓમાં નવા શૈક્ષણીક સત્રના પ્રારંભની સાથે અરવલ્લી જીલ્લાના ૪.૭૫ લાખથી વધુ બાળકો ઉપલા વર્ગમાં પ્રવેશ લઈને અભ્યાસ માટેનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. જયારે ગુરૂજનો પણ શાળામાં વિદ્યાર્થીઓને જોઈ અધીરા અધીરા બની ગયા હતા. ત્યારે છેલ્લા ૩૫ દિવસથી ઉનાળુ વકેકશનને લઈ ને સુમસામ ભાસતા શાળાના મેદાનો આજે વહેલી સવારથી જ બાળકોના કીલ્લોલથી ગુંજી ઉઠયા હતા ત્યારે કહેવાનુ મન થાય છે કે બગીચાના ફુલ પાછા આજથી બુકેમાં ગોઠવાઈ જશે.

# તલાટી પરીક્ષા પેપર લીક કૌભાંડમાં વધુ ચારની અટકાયત

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તલાટી કમ મંત્રીની શનિવારે લેવાયેલી લેખિત પરીક્ષા દરમિયાન બે પરીક્ષાર્થીઓ પાસેથી હસ્તલિખીત ઓએમઆર શીટ મળી આવતા તે બંને વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. ત્યારબાદ તેની તપાસ એલસીબીને સોંપાતા અધિકારીઓએ રવિવારે આ કૌભાંડમાં વધુ ચાર શખ્સોની અટકાયત કરી તેમની પુછપરછ હાથ ધરી છે.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આલમપુરના સંજય લલ્લુજી સોલંકી અને અજય પોપટભાઈ પટેલ (નાનાચિલોડા)પાસેથી પરીક્ષા દરમિયાન હસ્તલિખીત ઓએમઆર શીટ મળી આવતા તેમની વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમની અટકાયત કરી પુછપરછ કરાતા તેમાં ગાંધીનગર સેકટર૨૫માં રોજમદાર તરીકે કામ કરતા બે સગીરના નામ ખુલ્યા હતા. જેથી એલસીબીએ રવિવારે તે બંનેને લાવી બાળ અદાલતમાં રજુ કર્યા હતા.

દરમિયાન પોલીસે તપાસ દરમિયાન સંજય સોલંકી અને અજય પટેલ પાસેથી વધુ વિગતો મેળવવા હિંમતનગરની કોર્ટમાં રજુ કરાતા ન્યાયાધીશે આ બંનેના ૧૦ જૂન સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા. જે આધારે પોલીસે તે બંનેની પુછપરછ કરતા સંજય સોલંકીને જે સગીરે પેપર આપ્યુ હતું તે પેપર સંજય સોલંકીએ સંજય સુરેશભાઈ પરમાર (રહે.દેલવાડા, તા.માણસા) ને આપ્યુ હતું. જયારે બીજા સગીરે તલાટીનું પેપર સુરેશ જગાજી સોલંકી (રહે.આલમપુર, ગાંધીનગર) ને આપ્યુ હતું.

બીજી તરફ અજય પટેલને જે પેપર મળ્યુ હતું તે નાના ચિલોડાના યકીન બાબુભાઈ પાંડોરે આપ્યુ હતું. યકીન પાંડોરને પણ સુરેશ કાળાજી ઠાકોરે (રહે.પુધંરા સર્કલ, ગાંધીનગર) પેપર આપ્યુ હતું. ઉલ્લેખનીય છે કે યકીન પાંડોરે ભરૂચ કેન્દ્રમાંથી તલાટીની પરીક્ષા આપી હતી. જે આધારે હિંમતનગર એલસીબીએ રવિવારે રાત્રે યકીન પાંડોર, સુરેશ કાળાજી ઠાકોર, સુરેશ જગાજી સોલંકી અને સંજય સુરેશભાઈ પરમારની ધરપકડ કરી હતી. પકડાયેલા ચારેય યુવકોને સોમવારે એલસીબી દ્વારા હિંમતનગરની ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરાયા હતા, જયાં ન્યાયાધીશે ચારેય જણાના રિમાન્ડ નામંજુર કરતા તેમને સબજેલમાં મોકલી અપાયા હતા.

ઉલ્લેખનીય છે કે સુરેશ કાળાજી ઠાકોર, સુરેશ જગાજી સોલંકી અને સંજય પરમારે ગાંધીનગર કેન્દ્ર પરથી પરીક્ષા આપી હતી. જે આધારે એલસીબીએ અત્યાર સુધીમાં આઠ શખ્સોને પકડી લીધા છે. હવે જોવાનું એ રહે છે કે સુરેશ કાળાજી પરમાર પાસે તલાટીનું પેપર કયાંથી આવ્યું તેમજ બીજા સગીરે સુરેશ જગાજી સોલંકીને જે પેપર આપ્યુ હતું તે તેમણે અન્ય કોને કોને આપ્યુ છે તે પોલીસ માટે તપાસનો વિષય છે. લોકમુખે ચર્ચાતી વાતો મુજબ તલાટીનું પેપર લીક કરવા માટે મોટા માથાની સંડોવણી હોવાની શકયતા નકારી શકાતી નથી. જેથી પોલીસે આ કૌભાંડમાં ભીનું સંકેલવાને બદલે કડક તપાસ કરીને દોષિતોને ઝડપી લેવા જોઈએ તેમ પ્રજા ઈચ્છી રહી છે.

# બનાસકાંઠા પોલીસે વિવિધ ગુનામાં નાસતા ફરતા ૪ આરોપીઓ ઝડપી પાડ્યા

## બે આરોપીઓને પાસા હેઠળ વડોદરા જેલમાં મોકલી અપાયા

પાલનપુર, તા. ૮

બનાસકાંઠા જિલ્લા પોલીસવડાની સૂચનાએ પાલનપુર એલસીબી અને પોલીસની ટીમે જિલ્લાના વિવિધ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા ૪ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તમામ આરોપીઓને અલગ અલગ પોલીસ મથકને સોંપી દિધા હતા જે અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાએ જિલ્લામાં બનતા ગુનાઓને અટકાવવા તેમજ વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે જિલ્લા એલ.સી.બી. ટીમ અધિકારીઓને સૂચના આપી હતી. જેમાં થોડા સમય અગાઉ ધાનેરા ગામની સગીર વયની યુવતીને ભગાડી જનાર આરોપી નટવર કાન્તી ભરથરી (રહે. ખીમ્મત, તા. ધાનેરા)ને ભોગ બનનાર સગીરાને સુરેન્દ્રનગરના હળવદ ખાતેથી બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા અને આરોપીને પાંથાવાડા પોલીસને સોંપી દીધો હતો. જેની વધુ તપાસ થરાદ સી.પી.આઈ. ચલાવી રહ્યા છે. જ્યારે વડાગામ પોલીસ મથકના વિવિધ ગુનામાં નાસતો ફરતો ઈબ્રાહીમ નામદખાન પઠાણ (રહે. થલવાડા વડગાન)ને પાલનપુર મુકામેથી ઝડપી પાડ્યો હતો. ઉપરાંત દારૂના ગુનામાં નાસતા ફરતા બે બુટલેગર મુકેશ મોહનસિંહ ડાભી (રહે. શિરોહી) અને ગણેશ કાનજીભાઈ ચૌધરી (રહે. નાંદલા)ને ખાનગી બાતમીના આધારે પકડી પાડી બન્ને આરોપી બુટલેગરોને વડોદરા જિલ્લા જેલમાં પાસા હેઠળ મોકલી આપ્યા હતા.

## ડીસા શહેરનું ગૌરવ

ડીસાની સરદાર પટેલ શાળાના વિદ્યાર્થી પ્રથમ સોહનભાઈ દવેએ ધોરણ-૧૦ બોર્ડ ૨૦૧૫ની પરીક્ષામાં



૯૯.૮૪ પર્સન્ટટાઈલ રેન્ક સાથે એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરી સમગ્ર ડીસા કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુહતુ. વિદ્યાર્થી પ્રથમ દવેએ ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી શાળાનું ગૌરવ વધાર્યુહતું. વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ગગડીને ૩૫ ડીગ્રી પહોંચતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

મોડાસા, તા. ૮

સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં અને અરવલ્લી જિલ્લાના પ્રજાજનો ઉનાળાની ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. અરવલ્લી જિલ્લામાં છેલ્લા દોઢ મહિનાથી સતત તાપમાનો પારો ૪૨ થી ૪૫ ડીગ્રી રહેતાં જિલ્લાના પ્રજાજનો રીતસરના શેકાયા હતા, છવાયા હતા. આજે પણ આકાશ ગોરંભાયુ હતુ પણ જિલ્લાવાસીઓને વરસાદથી વંચિત રહેવું પડ્યું હતું. કેરળમાં ચોમાસાનો પ્રારંભ સાથે દક્ષિણ ગુજરાતમાં બપોર બાદ વિધિવત પ્રારંભ થયો હતો. તેમજ સૌરાષ્ટ્રના અમુક વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડવાની સાથે બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જ્યારે ઉત્તર ગુજરાત અને વરસાદ ન થયો પરંતુ જિલ્લાના પ્રજાજનો અને પશુ-પંક્ષીઓને છેલ્લા દોઢ મહિનાથી ઉનાળાની ગરમીથી તોબા પોકારી ઉઠ્યા હતા તેમાં રાહત થઈ હતી. અને જિલ્લામાં તાપમાનનવો પારો ગગડીને ૩૫ ડીગ્રીએ પહોંચ્યો હતો. સોમવારે વહેલી સવારથી જ વાદળછાયુ વાતાવરણ રહેતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જિલ્લામાં વરસાદી વાદળો


(તસવીર : જય અમીન, મોડાસા)

ત્યારે ગઈકાલથી વાતાવરણમાં અચાનક પલટો આવતાં વાદળછાયા વાતાવરણથી જિલ્લામાં તાપમાનનો પારો ગગડીને ૩૫ ડીગ્રીએ પહોંચતા અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં ઠંડત પ્રસરતા જિલ્લાના પ્રજાજનો અને ધરતીપુત્રોમાં આનંદ છવાયો.

અરવલ્લી જિલ્લામાં ગઈકાલે બપોર પછી વાતાવરણમાં ભારે પલટો આવ્યો હતો. જિલ્લામાં ચોમાસાના પ્રારંભે આકાશમાં ઘટાટોપ વાદળો અરવલ્લી જિલ્લામાં રવિવાર બપોરથી અસહ્ય ઉકળાટ પછી અરવલ્લીમાં વરસાદી વાદળો ઘસી આવ્યા હતા. પરંતુ અરવલ્લી જિલ્લામાં પ્રજાજનોને વરસાદની રાહ જોવાનો વારો આવ્યો હતો. પરંતુ અરવલ્લી જિલ્લામાં પ્રજાજનોને વરસાદની રાહ જોવાનો વારો આવ્યો હતો. પ્રજાજનો અને જિલ્લાના ભૂમિપુત્રો વરસાદની આતુરતાપૂર્વક ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. વાદળછાયા વાતાવરણથી જિલ્લામાં ઘેરાતાં જિલ્લાના ખેડૂતપુત્રો ખુશખુશાલ બની ગયા હતા. મોડાસા શહેરમાં વાદળછાયા વાતાવરણથી અને તાપમાનમાં ઘટાડો થવાથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા મોડાસા શહેરના નગરજનો બજારોમાં ખરીદી કરવા ઉમટી પડ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી બપોરના મુખ્ય માર્ગો સૂમસાન બની ગયા હતા. જે આજે વાતાવરણમાં ઠંડક પ્રસરતા નગરજનોની અવર જવરના કારણે જીવનપર્યત બન્યા હતા.

# પાંથાવાડાના ૨.૩૫ કરોડના વિકાસકામોમાં વ્યાપક ગેરરીતિ : સાંસદ હરીભાઈ ચૌધરી તપાસ કરાવે તેવી માંગ

ડીસા, તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અવિકસિત ગામો અને શહેરોને વિકાસની દોડમાં આગળ લાવવા કરેલી અપીલમાં બનાસકાંઠા સંસદ સભ્ય અને હાલના કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરિભાઈ ચૌધરીએ બનાસકાંઠાના પાંથાવાડા ગામની પસંદગી કરી હતી. અહી સાંસદે પ્રમાણીકતાથી કામ કરી કરોડોના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં તાજેતરમાં અઢી કરોડના વિકાસ કામમમાં પાંથાવાડામાં સીસી રોડ અને ગટર યોજનાના કામો ચાલુ કર્યા છે, જોકે આ કામોમાં સાંસદ હરિભાઈની જાણ બહાર આ કામમાં ઈજારદાર અને ઈજનેરોએ ભારે ગેરરિતી આચરતા સ્થાનિકોએ આ ધુપ્પલબાજીની ન્યાયિક તપાસ કરવા સાંસદ હરીભાઈને રજુઆતો કરતા ચકચાર મચેલ છે.

બનાસકાંઠાના સાંસદ અને હાલમાં જ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ટીમમાં કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી તરીકે સ્થાન પામેલા હરિભાઈ ચૌધરીએ તાજેતરમાં બનાસકાંઠાના પાંથાવાડાને આદર્શ ગામ તરીકે દત્તક લીધું હતું, જેમાં હરિભાઈ ચૌધરીએ આ ગામને દેશનું સહુથી વિકસિત ગામની હરોળમાં લાવવા ભારે પ્રયત્નો કરી કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસેથી કરોડોની ગ્રાન્ટો મેળવી અહી અનેકો વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. દાનવીરોએ પણ દાનની સરવાણી વહાવી હતી, જેમાં આ ગામની મુખ્ય જરૂરીયાત રોડ અને ગટરલાઈન હોઈ અહીં રૂપિયા બે કરોડ ૩૫ લાખનાં ખર્ચ સાથેના સીસી રોડ અને ગટર કામો હાલ શરૂ કરાયાં છે. કેન્દ્રીય ગૃહરાજ્ય મંત્રી હરિભાઈ ચૌધરીએ પ્રમાણિકતાથી કરેલા પ્રયત્નો કામે લાગતા ગ્રામજનો પણ હરખાયા હતા, ત્યારે આ રોડ કામ અને ગટર કામોમાં સાંસદ હરિભાઈની પીઠ પાછળ તેમને અંધારામાં રાખી ભારે ગેરરીતિ આચરાઈ રહી છે, આ કામોમાં ગામના જ અનઅધિકૃત લોકો બની બેઠેલા કોન્ટ્રાક્ટર છે, જે ટેન્ડરની શરતો વિપરીત હલકી ગુણવત્તાવાળુ કામ કરતા હોવાના આક્ષેપો થયા છે, અહી સીસીરોડ અને રોડની બન્ને સાઈડમાં ગટર બનવાની છે, તેમજ ફૂટપાથ અને બેન્ચીસ સાથેનો 'સુવીધાપથ' બનાવવાનો છે ત્યારે આ કામના કોન્ટ્રાક્ટરની જગ્યાએ અન્ય પેટા કોન્ટ્રાક્ટર સીવીલ ઈજનેરની દેખરેખ વિના મજૂરો દ્વારા આડેધડ કામ કરાવી રહ્યા છે, જેમાં ગુણવત્તા અને માપ સાચવતા નથી.

આ બાબતે ખુદ ભાજપના જ કાર્યકરોમાં જ કામની ગુણવત્તા બાબતે કચવાટ જોવા મળ્યો હતો. જેમાં દાંતીવાડા ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ દિનેશભાઈ દરજીએ આ વિકાસ કામોમાં સરકારના નિધિ અને ફંડને નુકશાન થઈ રહ્યું છે, જેથી સાંસદ હરીભાઈ ચૌધરી જીલ્લા કલેક્ટર, માર્ગ મકાન વિભાગ, જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયત તેમજ સીટી સર્વે વગેરે કચેરીઓનો રીપોર્ટ મંગાવી સ્વતંત્ર રીતે ક્વોલિટી કન્ટ્રોલ વિભાગ પાસે ન્યાયિક તપાસ કરાવે તેવી માંગ કરી હતી.

પાંથાવાડાના આ ગટર અને રોડ કામમાં ૨ કરોડ ૩૫ લાખ જેટલી માતબર રકમનો ખર્ચ થનાર છે. આ ગામ સાંસદ અને કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીએ દત્તક લીધુ છે ત્યારે તેમની આંખોમાં ધૂળ નાખી જવાબદાર માર્ગ અને મકાન વિભાગના ઈજનેરો સંબંધિત કોન્ટ્રાક્ટર અને પેટા કોન્ટ્રાક્ટર સાથે હાથ મીલાવી આંખ આડા કાન કરી આ ગેરરીતિ કામ પર 'સબ સલામત'નો સિક્કો મારી રહ્યા છે. અહી થતા કામ માટે કોન્ટ્રાક્ટર દ્વારા નિયમ મુજબનો આરએમસી પ્લાન્ટ નંખાયો જ નથી, અને માત્ર મિક્ષર મશીન આધારિત સાદા પ્લાનટથી કામ ચલાવાઈ રહ્યું છે, તો વળી પ્લાન એસ્ટીમેટ મુજબ કામ થતું નથી, જ્યારે નિયમ મુજબની સ્પેશ્યલ ઓડિટ કમિટીમાં ગામના પ્રતિષ્ઠિત સભ્યોની જગ્યાએ પેટા કોન્ટ્રાક્ટરના સગાઓને સ્થાન અપાયું છે, જેથી કોઈ વિરોધ નોંધાવી શકે નહિ, આ કામ દરમ્યાન નિયમ મુજબ સ્થળ પર તપાસ દરમ્યાન કોઈ ઈજનેર હાજર મળેલ નહિ, જેથી મજૂરો મનફાવે તે રીતે હલકી ગુણવત્તાવાળુ કામ કરતા જોવા મળ્યા હતા.

## નવાગામ ધનેલાના વૃદ્ધનું અગમ્ય કારણોસર મોત

વિજયનગર તાલુકાના નવાગામના ૭૫ વર્ષીય વૃદ્ધનું અગમ્ય કારણોસર નાના દિકરાના ઘરે રવિવારે મોત નિપજયુ હતું. જે અંગે મૃતકના મોટા દિકરાએ વિજયનગર પોલીસમાં જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. વિજયનગર તાલુકાના નવાગામ ધનેલા ગામના દિતાજી સળુજી સડાત પોતાના નાના દિકરા દિલીપના ઘરે રહેતા હતા. ૭૫ વર્ષીય આ વૃદ્ધને ડાયાબિટીસનો રોગ હતો. જેઓ ગત રવિવારે બપોરે ૨ વાગ્યે મૃત હાલતમાં મળી આવ્યા હતા. જે અંગે મૃતકના મોટા દિકરા વિરેન્દ્રએ વિજયનગર પોલીસમાં પોતાના પિતાના અગમ્ય કારણોસર મોત નિપજયા અંગે જાણ કરતા પોલીસે આ મામલે જાણવાજોગ ફરિયાદ આધારે તપાસ હાથ ધરી છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦